રજુ કર્યા તારીખ	:	૧૭–૦૭–૨૦૨૫
દાખલ તારીખ	:	૧૭–૦૭–૨૦૨૫
ફેંસલ તારીખ	:	૦૫–૦૩–૨૦૨૬
અવધી : વર્ષ, માસ, દિવસ ૦૦ ૦૭ ૧૬		

સુરેન્દ્રનગરનાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.

ફોજદારી કેસ નં. ૨૭૬૯/૨૦૨૫.
આંક :–

ફરીયાદી : શ્રીરામ ફાયનાન્સ લીમીટેડ (શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કં. લી.) ના ઓથોરાઈઝર્ડ પસર્ન,
ભાવિનકુમાર ઘનશ્યામભાઈ ઠાકર,
ઉ.વ.આ.૪૫, ધંધો – નોકરી, ધર્મે – હિન્દુ,
ઠે. મિલેનિયમ –ર, શોપ નં. ૨૦૨, સેકન્ડ ફલોર,
ઉપાસના સર્કલ,
દુધની ડેરી પાસે, વઢવાણ સુરેન્દ્રનગર.

વિરૂધ્ધ

આરોપી : ઉલાવા ધવલભાઈ લાભુભાઈ,
ઉ.વ.આ.૩૦, ધંધો – વેપાર લવકુશ બંગ્લો,
ગીતા સોસાયટી, સ્ટેશન રોડ, ૮૦ ફુટ રોડ,
વઢવાણ સીટી, સુરેન્દ્રનગર.

ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ

ફરીયાદી તરફે વિ.વ. શ્રી. આર.એમ.જોષી.
આરોપી તરફે વિ.વ. શ્રી. આઈ.કે.શેખ.

–:: ઠરાવ ::–

ફરીયાદની ટુંકમાં હકીકત::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કં. લી. કે જે ધી

કંપનીઝ એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે અને જેનું તા. ૦૯/૧૧/૨૦૨૨ ના રોજના એન.સી.એલ.ટી. ના ઓર્ડર મુજબ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. નું નામ હવે પછીથી શ્રી રામ ફાયનાન્સ લીમીટેડ છે, તથા ફરીયાદી કંપની જુના તથા નવા થ્રી વ્હીકલ, જુની તથા નવી ગાડીઓ, ટ્રક, ટ્રેકટર, મશીનરી તથા કોર્મશીયલ વ્હીલરની ખરીદી માટે તથા આવા વાહનો ઉપર અન્ય રીતે પણ ધીરાણ આપવાનું કામ કરે છે તથા આવા વાહનોના ટાયર, વીમો, ફયુલ, ચલીત ખર્ચ વિગેરેની રકમનું પણ ધીરાણ આપવાનું કામ કરે છે, ફરીયાદી અમારા આ વ્યવસાયની સમગ્ર દેશમાં જુદી જુદી શાખાઓ ધરાવે છે, જે પૈકી એક શાખા સુરેન્દ્રનગર મુકામે ઉપરોકત સરનામે પણ આવેલ છે.

વધુમાં જણાવે છે કે, આ કામના તહોમતદારને હયુન્ડાઈ કંપનીની ગાડી જેનો નં. જી.જે.૧ આર.બી. ૧૨૭૦ ઉપર પૈસાની જરૂરીયાત હોય, જેથી આ કામના તહોમતદારે ફરીયાદી કંપનીની શાખાએ સંપર્ક કરતા ફરીયાદી કંપનીએ આ કામના તહોમતદારને તેમની જરૂરીયાત મુજબનું ધીરાણ આપેલ અને જે ધીરાણ આ કામના તહોમતદારએ ફરીયાદી કંપનીએ જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે સ્વીકારેલું, સદર ધિરાણ મેળવતી વખતે આ કામના તહોમતદારે ફરીયાદીને મેળવેલ ધીરાણની રકમ નિયત કરેલ સમયમાં નિયત કરેલ વ્યાજે તથા ખર્ચ સહિતની રકમ નિયત કરેલ રકમના નિયમીત રીતે માસિક હપ્તામાં ચુકવી આપવાનું વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ અને સદર ભરોસો આપતી વખતે આ કામના તહોમતદારે ફરીયાદી કંપની સાથે લેખિતમાં કરાર (એગ્રીમેન્ટ) પણ કરેલ. જે હકીકતથી આ કામના તહોમતદાર ખુબ જ સારી રીતે વાકેફ અને માહિતગાર છે.

લોનની તારીખ	લોનનો પ્રકાર	લોન એકાઉન્ટ નંબર	લોન ની રકમ
29/09/2023	VEHICLE LOAN	SURNG2309280004	2,50,000/-

વધુમાં જણાવે છે કે, ઉપરોકત વિગતોએ આ કામના તહોમતદારે ફરીયાદી કંપની પાસેથી ધોરણસરના વ્યાજદરે લોન મેળવેલ છે અને જે નિયત કરેલ માસિક હપ્તામાં ચુકવવાની હતી.

વધુમાં જણાવે છે કે, બાદમાં ઉપરોકત જણાવેલ લોનની રકમોની નિયમીત ચુકવણી ન થતા ફરીયાદી કંપની દવારા આ કામના તહોમતદારને બાકી રહેતી રકમની ચુકવણી કરી જવાનું અનેક વખત જણાવવામાં આવેલ, જેથી આ કામના તહોમતદારે ફરીયાદી કંપનીને લોનની વ્યાજ સહીતની તા. ૧૦/૦૫/૨૦૨૫ સુધીની આઉટસ્ટેન્ડીંગ ચડત કુલ રકમ રૂા.૧,૯૬,૫૬૩.૩૯/-(અંકે રૂપીયા એક લાખ છન્નુ હજાર પાંચસો ત્રેસઠ અને ઓગણચાલીસ પૈસા પુરાં) પૈકીનો નીચેની વિગત તથા વર્ણન વાળા આપેલ.

ચેક નંબર	ચેકની તારીખ	ચેકની રકમ	બેંકનું નામ	ખાતા નંબર
૦૦૦૦૧૦	૩૦/૫/૨૫	રૂા.૧,૮૦,૦૦૦/- અંકે એક લાખ એંસી હજાર પુરા)	બેંક ઓફ બરોડા જીનતાન રોડ શાખા	૨૫૧૪૦૧૦૦૦ ૧૮૨૩૩

સદર ઉપરોકત દર્શાવેલ વિગતો વાળા ચેંકમાં આ કામના તહોમતદાર ધવલભાઈએ તમામ વિગતો ભરી ભરાવી ને તમારી સહી કરેલ છે અને આ સદર આ ચેક ફરીયાદીને આપેલ અને સાથે એ વચન આપેલ કે ચેક જેવો ફરીયાદી વસુલાત અર્થે રજુ કરશું એટલે તરત જ વસુલ થઈ જશે તેવી ખાત્રી પણ આપેલ અને બાકીની રકમ પણ બાદમાં ચુકતે કરી આપવાનું વચન અને વિશ્વાસ આપેલ પરંતુ સદરહુ ચેક ફરીયાદીએ આ કામના તહોમતદારની સૂચના મુજબ અમારા અસીલની એકસીસ બેંક લી. સુરેન્દ્રનગર શાખામાં રજુ કરતા સદરર ચેક નીચે દર્શાવેલ વિગતોએ સુરેન્દ્રનગર મધ્યે વગર વસુલાતે પરત આવેલ.

ચેક રીર્ટન મેમો આપનાર બેંક	ચેક નંબર	ચેક રીર્ટનનું કારણ	ચેક રીર્ટન મેમાની તારીખ.
એકસીસ બેંક લી. સુરેન્દ્રનગર શાખા	૦૦૦૦૧૦	FUNDS INSUFFICIENT	૩૧/૦૫/૨૦૨૫

સદરહું, ઉપરોકત વિગતોવાળા ચેકમાં આ કામના તહોમતદારે તમામ વિગતો તેમની જાતે ભરીને આપેલ અને તેઓ જાણતા હતા કે તેમનાં ખાતામાં બેલેન્સ નથી, છતાં પણ આ કામના તહોમતદારે ફરીયાદી કંપનીને છેતરવા સદર ચેક ફરીયાદીને આપેલ અને સદર ચેકસ ઉપરની હકીકતોએ સુરેન્દ્રનગર મધ્યે પરત આવેલ અને જેથી કરીવાદી કંપનીને અમારી કાયદેસરની આ કામના તહોમતદાર પાસે ચડત લેણી નીકળતી રકમ વસુલ મળેલ નથી અને તેમ કરીને આ કામના તહોમતદારે જાણીબુઝીને ફરીયાદીની સાથે છેતરપીડી, વિશ્વાસ ઘાત ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગંભીર ગુન્હોઓ સુરેન્દ્રનગર મધ્યે બદઈરાદા પૂર્વક કરેલ છે અને આ કામના તહોમતદાર કાયદેસર રીતે અને નૈતિક રીતે સદરહું ચેક વસુલ કરાવવા જવાબદાર હતા અને છે જેથી ફરીયાદી કંપનીએ અમારા પેનલ એડવોકેટ મારફત તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ રજી. એડી. નોટીસ આપેલ, જે તહોમતદારને ધોરણસર રીતને બજી ગયેલ હોવા છતા તહોમતદારે ફરીયાદી કંપની ની બાકી નીકળતી લેણી રકમ રૂા. ૧,૮૦,૦૦૦/– (અંકે એક લાખ એંસી હજાર પુરા) આજ દીન સુધી ચુકવેલ નથી અને અમારી કાયદેસરની સાચી નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી. જેથી ફરીયાદીને ફરીયાદી કંપની વતી હાલ ની આ ફરીયાદ દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

આ કામના આરોપીને ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ કરી દંડમાથી ફરીયાદીને વળતર અપાવવા નમ્ર અરજ છે છે અને બદલામાં વળતર ન આપે તો આરોપીને સખત સજા કરવા નમ્ર અરજ છે.

<u>આરોપીને સમન્સની બજવણી તથા ઈન્સાફી કાર્યવાહી :–</u>

(૨) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા ગુનાનું સંજ્ઞાન લઈને આંક–૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ બી. એન.એસ.એસ,૨૦૨૩ ની કલમ–૨૨૭ મુજબ અધિનીયમની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આરોપી વિરુઘ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામા આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ

કોર્ટમાં હાજર થયેલા અને ફરીયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી, બી.એન.એસ.એસ ૨૦૨૩ની કલમ–૨૭૪ મુજબ આરોપીની પ્લી **આંક–૧૩** થી નોંધેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે આગળ ચલાવવામાં આવેલ છે.

ફરીયાદીએ તેમની હાલની ફરીયાદના સમર્થનમાં રજુ કરેલ પુરાવા ::

(૩) ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવા:–

ક્રમ	આંક	વિગત
૧	૦૪	ફરીયાદી ભાવિનકુમાર ઘનશ્યામભાઈ ઠાકર નું પુરાવાનું સોગંદનામું

દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	આંક	વિગત
૧	૧૬	આર.બી.આઈ તરફથી આપવામાં આવેલ સર્ટીફીકેટની નકલ.
૨	૧૭	એન.સી.એલ.ટી. નો ઓર્ડર
૩	૧૮	ફરીયાદીને આપવામાં આવેલ પાવરનામાની નકલ.
૪	૧૯	તહોમતદારના લોન ખાતાના સ્ટેટમેન્ટની નકલ.
૫	૨૦	તહોમતદારે આપેલ ચેક
૬	૨૧	ચેક રીર્ટન મેમો
૭	૨૨	ફરીયાદીએ વિ.વ.શ્રી. આર.એમ. જોષી મારફત તહોમતદારને આપેલ ચેક રીર્ટનની નોટીસ
૮	૨૩	લીગલ નોટીસ રજી.એડી.કર્યા અંગેની પોસ્ટ ખાતાની પાવતી
૯	૨૪	લીગલ નોટીસ તહોમતદારને બજી ગયા અંગેનું પોસ્ટ ખાતાનું ટ્રેક રેકર્ડ સર્ટીફીકેટ
૧૦	૨૫	ફરીયાદીનું ફોટો આઈ.ડી. પ્રુફ

૧૧	૨૮	લોન એપ્લીકેશન ફોર્મ
૧૨	૨૯	હાઈપોથીકેશન કમ લોન એગ્રીમેન્ટ
૧૩	૩૦	ફાઈનલ ડેટા શીટ

(૪) ત્યારબાદ ઉલટતપાસના તબકકે આરોપીની સતત ગેરહાજરીના કારણે આરોપીની ઉલટતપાસનો હકક **તારીખ : ૨૮/૦૧/૨૬** ના રોજ બંધ કરવાનો હુકમ કરેલ છે.

(૫) ઉપર મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ તરફે **આંક–૩૪** થી તેઓ વધુ કોઈ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

<u>આરોપીનું બી.એન.એસ. એસની ક–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન</u>

(૬) ત્યારબાદ બી.એન.એસ.એસ,૨૦૨૩ ની ક.૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદનના તબકકેપણ આરોપીની ગેરહાજરીના કારણે ફરીયાદી તરફથી **આંક–૩૫** થી અરજી આપતા **તારીખ :૧૦ /૦૨/ ૨૦૨૬** ના રોજ આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવાનો હુકમ કરેલ.

(૭) આરોપી તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૮) ત્યારબાદ તે ઉપરાંત ફરીયાદી તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

ત્યારબાદ આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદી તર્ફે મૌખિક દલીલ થયેલ છે કે, આરોપીએ ફરીયાદીની તરફેણમાં તકરારી ચેક ઈસ્યુ કરેલ છે. ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૧૬ થી ૨૫ તથા આંક–૨૮ થી આંક–૩૦** સુધીના અસલ દસ્તાવેજો તથા ખરી નકલો રજુ કરવામાં આવેલ છે. આરોપી હાજર ન રહેતા ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે તથા એફ.એસ હકક બંધ કરવાની અરજી આપતા તે લગત હુકમ કરવામાં

આવેલ છે. આરોપી તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ થકી આરોપી સામે આક્ષેપિત ગુનો પુરવાર થતો હોય કાયદામા ઠરાવ્યા મુજબ સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(૦૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવા અને સાહેદની જુબાની અને ફરીયાદપક્ષે રજુ દલીલો ધ્યાને લેતા આ કેસના આખરી ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી પાસેથી નીકળતી લેણી રકમ પેટે આરોપી એ ફરીયાદીને આપેલ ફરીયાદ વાળો ચેક વણચૂકવાયેલ પરત ફરતા ફરીયાદીએ આપેલ માંગણી નોટીસ અંગે કાયદા મુજબ નિર્ધારીત સમયમર્યાદામાં આરોપીએ ફરીયાદીને રકમ નહી ચૂકવી આપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય બાબત કારણો નીચે મુજબ છે.

–:: <u>કારણો</u> ::–

(૧૧) એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે એન.આઈ.એકટની કલમ ૧૧૮ મુજબ નો વિરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલી

નો સમય, શેરાઓના ક્રમ,ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ વંચાણે લેતા તેમા પણ જયા સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા અંશત: માટે મેળવ્યો હતો આમ, કલમ ૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે. તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનીયમ પત્ર ઉપર સહી કરી આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાંતર કરે છે કે,તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનીયમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ ૧૧૮,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેશમાં, ફરીયાદી વિનિમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ સાચુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને આવી ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષે રહેલ છે.

હવે ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા જયારે ફરીયાદ માં જણાવેલ આરોપીનુ સરનામુ તથા **આંક–૨૨** વાળી નોટીસમાં જણાવેલ આરોપીનુ સરનામુ એક જ હોય તથા તે નોટીસ **આંક– ૨૩** વાળી સ્લીપ ધ્યાને લેતા રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલ હોવાનુ ફલીત

થતુ હોય, ત્યારે આરોપીને કાયદા મુજબ નોટીસ મોકલેલ હોવા અંગેના તત્વો રેકર્ડ ઉપર સાબિત થાય છે તેમ માનવાનુ કારણ રેકર્ડ ઉપર જણાય આવે છે. તેથી ઉપરોકત ચુકાદા તથા કલમ-૧૩૮ મુજબની જોગવાઇ અન્વયે આ કામે ગુનાના તત્વોની સાબિતી અંગે જોવામાં આવે તો આ કામે **આંક–૨૦** થી રજુ **તા. ૩૦/૦૫/૨૦૨૫** ના રોજનો ચેક **નં. ૦૦૦૦૧૦** વાળો અસલ ચેક આ કામના આરોપી ધ્વારા પોતાની સહી કરી આપવામાં આવેલ હોય તથા ચેકમાં આરોપીની સહી ન હોય તે અંગેની કોઈ તકરાર પણ ન હોય, અથવા સહી અંગે તકરાર હોય તો તે આ કામે આરોપી તરફે સહી તેમની નથી તે સાબીતીનો બોજો આરોપીનો હોવા છતાં તે આ કામે જરુરી પુરાવા રજુ રાખી ઓનસ રીવર્ટ કરેલ નથી, ત્યારે પ્રથમ(૧) તત્વ તરીકે ચેક હાલના આરોપી દ્રારા ઇસ્યુ કરવામાં આવેલ છે તેમ માનવા પુરતા આધાર રેકર્ડ ઉપર જણાય છે. તે જ રીતે **આંક–૨૦** વાળો ચેક ધ્યાને લેતા, ફલીત થાય છે કે, **નં. ૦૦૦૦૧૦** વાળો **તા. ૩૦/૦૫/૨૦૨૫** ના રોજનો અસલ ચેક ફરીયાદીએ અમારા એકસીસ બેંક લી. સુરેન્દ્રનગર શાખામાં તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ વટાવવા નાખતા ચેક રીટર્ન મેમામાં જણાવેલ કારણ નં. "Funds Insufficient" (અપુરતા ભંડોળ) ના શેરા સાથે પરત થયેલ છે. જે હકીકત તત્વ (૨) અને (૩) ની સાબીતીના રેકર્ડ ઉપર આધાર બને છે. **આંક–૨૧** વાળો દસ્તાવેજ જોતા ચેક ઈસ્યુ કર્યાની તારીખથી ચેકની વેલીડીટી **જે તે સમયના નિયમ મુજબ ૩ અથવા ૬ માસ** દરમ્યાન બેન્કમાં ચેક રજુ થયેલાનું ફલીત થાય છે તથા તે "Funds insufficient" ના કારણે પરત થયેલાનું ફલીત થાય છે. ત્યારબાદ **આંક–૨૨** થી રજુ દસ્તાવેજ જોતા ફલીત થાય છે કે, ફરીયાદીએ આરોપી પાસેથી તેના વકીલ મારફતે ડીમાન્ડ નોટીસ

ફરીયાદીના વકીલ મારફતે આરોપીના સરનામે તા. ૦૯/૦૬/૨૦૨૫ ના રોજ રજી. એડી. થી નોટીસ મોકલેલ. જે નોટીસ તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. જે ચેક રીટર્ન થયાની તારીખથી દિન–૩૦ ની અંદર મોકલવામાં આવેલ છે. જયારે તા. ૧૦/૬/૨૦૨૫ ના રોજની રજીસ્ટર્ડ પોસ્ટથી આરોપીને નોટીસ આરોપીના સરનામે જે ફરીયાદમા બતાવવામાં આવેલ છે તે જ સરનામે મોકલેલ હોવાનુ ફલીત થાય છે ત્યારે દિન–૧૫ ની અંદર આરોપી ધ્વારા નોટીસમાં જણાવેલ લેણી રકમ આરોપી ધ્વારા ચુકવવામાં આવેલ નથી તેવુ ફલીત થાય છે જે કારણસર **નિયત સમય મર્યાદા એટલે કે નોટીસ મોકલ્યાના/ બજ્યાના પંદર દિવસ પૂર્ણ થયા બાદ ત્રીસ દિવસની અંદર આરોપી સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે.** ત્યારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના તમામ તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા માટે રજુ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલાનુ ફલીત થાય છે.

1. 2025 (0) AIJEL-MH-2502426, BOMBAY HIGH COURT, Navneet Singh Gogia And Another Versus State Of Maharashtra And Another

(a) Negotiable Instruments Act, 1881 S. 138 Criminal Procedure Code, 1973-S. 313 challenge to conviction and sentence under S. 138 for dishonor of cheques in absence of accused during trial -whether trial Court can proceed without presence of accused or their advocate and dispense with recording statement under S. 313 of CrPC <u>**held, trial Court has authority to proceed in absence of accused if they fail to appear despite multiple opportunities and do not seek exemption through counsel -mandatory recording of statement**</u>

under S. 313 can be dispensed with in such cases as the nature of proceedings under S. 138 is quasi-criminal revisions dismissed, conviction and sentence confirmed. (Paras 1-59)

(b) Negotiable Instruments Act, 1881-S. 142(1)-Criminal Procedure Code, 1973-S. 273-examination of procedural compliance during trial for offences under S. 138- implications of absence of accused on trial proceedings - held, evidence must generally be recorded in presence of accused as per S. 273 CrPC unless exceptions apply; however, if the accused persistently absents themselves without justification, the trial may continue without their presence or statement being recorded under S. 313 CrPC- this aligns with legislative intent for expeditious resolution in cheque dishonor cases. (Paras 14-20)

2. **In case Hiten P. dalal Vs. Batindranath banerjee AIR 2001 SC 2895 Hon'ble Apex Court has held that- " the moment cheque is issued the presumption runs against the accused.** the wordsused for the presumption are "unless contrary is proved"therefore, the accused either by way of cross examination or by leading satisfactory evidence equivalent to the degree of proof or at least to the level of moral certainty to establish that the cheque was not issued for legally enforciable liability".

3. **Bir Singh vs. Mukesh Kumar reported as, (2019) 4 SCC 197, Para"32.** The proposition of law which emerges

from the judgments referred to above is that **the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.**

Para 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. **It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

Para 34. **If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may filled up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.**

હાલ ઉપરોકત ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે જોવામાં આવે તો આરોપી તરફે આ

કામે રજુ ચેકમાં તેઓની સહી નથી અથવા ફરીયાદીએ ખોટી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે અને ચેકની રકમ આરોપી પાસેથી ફરીયાદીની તરફેણ માં નીકળતી નથી તે અંગે કોઈ વાંધા તકરાર કે તે માટે જરુરી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

4. **Basalingappa Vs Mudibasappa, 09 Apr 2019, 2019 0 AIR(SC) 1983, 2019 0 Supreme(SC) 423.** summaries the principles enumerated by this Court in following manner:,

(i) Once the execution of cheque is admitted Section 139 of the act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

ઉપરોકત ચુકાદાઓનો નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે આ કામે સવાલવાળા ચેકમાં આરોપી ની સહી નથી તે બાબત ની તકરાર ન હોય અથવા જો તકરાર હોય તો તે તકરાર જરૂરી પુરાવા સાથે રેકર્ડ પુરવાર કરવામાં આવેલ ન હોય

ત્યારે ફરીયાદી તર્ફેની દલીલ ફરીયાદીની તરફેણમાં છે તેમ માની શકાય જેથી ઉપરોકત કારણોસર ફલિત થાય છે કે, આરોપી તરફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાની રહેતી અનુમાનના ખંડન માટે મહત્વ ની કોઈ હકીકત અથવા પુરાવા આરોપી પક્ષે રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે કાયદા મુજબ આરોપી વિરુધ્ધ થયેલ અનુમાનનું ખંડન થાય છે તેમ ફલિત થતું નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાને અંતે ફલિત થાય છે કે, આ કામના ફરીયાદીને આરોપીએ આપેલ ચેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ વગર વટાવેલ પરત થયેલ છે અને ત્યાર બાદ આરોપીએ માંગણા નોટીસ ઉપરાંત પણ ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ નથી ત્યાર બાદ ફરીયાદી એ હાલની ફરીયાદ નિયત સમય મર્યાદાની અંદર દાખલ કરેલ છે તથા કલમ–૧૩૮ ના ગુના સબબ ફરીયાદીની તરફેણમાં તથા આરોપીની વિરૂધ્ધમાં જરૂરી અનુમાન કરવા માટે રેકર્ડે ફરીયાદપક્ષે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી તર્ફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાના થતા અનુમાનના ખંડન માટે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી જેથી ફરીયાદીની તરફેણમાં થયેલ કાયદાકીય અનુમાન અખંડીત રહે છે જે કારણસર આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો આચરેલ છે તેમ સ્પષ્ટપણે ફલિત થાય છે.આરોપી વિરુધ્ધ કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ હોય, તે હકીકત ધ્યાને લેતા અત્રેની અદાલતને ફરીયાદીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવો પણ વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે.

ના.સુપ્રિમકોર્ટના ચુકાદા ઈન્ડીયન બેંક એસોસીયેશન વી. યુનીયન ઓફ ઈન્ડીયાના ચુકાદામાં એન.આઈ.એકટની કલમ–૧૩૮ ના કેશમાં નીચે મુજબના નિર્દેશ આપેલ છે.

DIRECTIONS: 1) Metropolitan Magistrate/Judicial Magistrate (MM/JM), on the day when the complaint under Section 138 of the Act is presented, shall scrutinize the complaint and, if the complaint is accompanied by the affidavit, and the affidavit and the documents, if any, are found to be in order, take cognizance and direct issuance of summons.

2) MM/JM should adopt a pragmatic and realistic approach while issuing summons. Summons must be properly addressed and sent by post as well as by e-mail address got from the complainant. Court, in appropriate cases, may take the assistance of the police or the nearby Court to serve notice to the accused. For notice of appearance, a short date be fixed. If the summons is received back un-served, immediate follow up action be taken.

3) Court may indicate in the summon that if the accused makes an application for compounding of offences at the first hearing of the case and, if such an application is made, Court may pass appropriate orders at the earliest.

4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re-calling a witness for cross-examination.

(5) The Court concerned must ensure that examination-in-chief, cross-examination and re-examination of the complainant must be conducted within three months of assigning the case. The Court has option of accepting affidavits of the witnesses, instead

of examining them in Court. Witnesses to the complaint and accused must be available for cross-examination as and when there is direction to this effect by the Court.

22. We, therefore, direct all the Criminal Courts in the country dealing with Section 138 cases to follow the above-mentioned procedures for speedy and expeditious disposal of cases falling under Section 138 of the Negotiable Instruments Act.

ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટના નિર્દેશો ધ્યાને લેતા ચેક રીટર્નની ફરીયાદોના કેશમાં ઝડપી નીકાલ થાય તે માટે નિર્દેશો આપેલ છે. આરોપી જાતે કોર્ટમાં હાજર થયેલ છે અને પોતાની સામેના આક્ષેપનો ઈનકાર કરી બચાવની માંગણી કરેલ છે. જેથી સદર કેશની જાણ હોવા છતા ઈરાદા પુર્વક હાજર રહેલ નથી કે ચેકની રકમ ચુકવી આપેલ નથી.જેથી આરોપીને પોતાની સામેના કેશની જાણ હોવા છતા ઈરાદા પુર્વક ફરીયાદીના કેશને વિલંબ કરવાના આશયથી ગેરહાજર રહેલ છે. જેથી આરોપીને ગેરહાજરીના કારણે કોર્ટ આરોપી કેશ ચલાવવા માટે આવે તેની રાહ જોઈ બેસી રહે તે ન્યાયી તથા ઉચીત નથી. હવે હાલના તબકકે જયારે આજરોજ ઠરાવ તારીખ હોય, તેમજ જયારે આજરોજ સબબ કામ મારી સમક્ષ રજુ થયેલ ત્યારે વારંવાર આરોપી નો પોકાર કરાવતા કોર્ટ રૂબરૂ હાજર થયેલ નથી ત્યારે ફલીત થાય છે કે, આરોપીને આ કામનો હુકમ સાંભળવામાં રસ નથી જેથી આ હુકમ જાહેર થાય ત્યાં સુધી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનું **શરદ જેઠાલાલ સાવલા વીરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ** સી.આર.એમ.એ. નં. ૧૯૮૬૨ ઓફ ૨૦૧૫, જી.એલ.આર. હાઈકોર્ટ ૧૦૦૦૬૦૪૪ ના ચુકાદો ધ્યાને લેતાં જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

That there is No illegality as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused.The judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.The trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence. in view of the provisions of Section 418(2) of the Cr.P.C. when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest.

In the absence of the convict accused, the learned advocate appearing for him cannot prefer an application under Section 389(3) of the Code for suspension of the sentence to enable the convict accused to prefer an appeal before the Sessions Court.

જેથી આ કામના આરોપી ઈરાદા પુર્વક કેશની કાર્યવાહીથી દુર રહેલ છે.જેથી આરોપીની ગેરહાજરીના કારણે ફરીયાદ પક્ષને અન્યાય કરી શકાય નહી. જેથી ફરીયાદી પક્ષેની દલીલોનો સ્વીકાર કરી મુદ્દા નં. ૧ નો જવાબ '' હ કા ર માં '' આપી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– :: <u>આખરી હુકમ</u> ::–

(૧) આથી, આ કામના આરોપી ઉલાવા ધવલભાઈ લાભુભાઈ, ઉ.વ.આ.૩૦, ધંધો–વેપાર લવકુશ બંગ્લો, ગીતા સોસાયટી, સ્ટેશન

રોડ, ૮૦ ફુટ રોડ,વઢવાણ સીટી, સુરેન્દ્રનગર નાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં દોષિત ઠરાવી **૧ વર્ષની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૩૯૫(૩) અન્વયે રૂા. ૧,૮૦,૦૦૦/–(અંકે રૂપીયા એક લાખ એંસી હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે, આરોપીએ વળતરની રકમ આ હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી વિકલ્પે આ રકમ અદાલતમાં જમા કરાવવી, આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **(૩) ત્રણ મહીનાની** સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી સજા અંગેનો ચુકાદો સંભળાવતા સમયે ગેરહાજર રહેલ હોઈ, આરોપી ગેરહાજર રહેલ હોય અને તેમની હાજરી ડીસ્પેન્સ વીથ કરેલ ન હોય તે સંજોગોમા આરોપી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ–૪૦૪(૧) અનુસાર સદર ઠરાવની નકલ વિનામુલ્યે મેળવવા હકકદાર ઠરતા નથી અને આરોપી વિરુધ્ધ સજાની અમલવારી સારુ નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કરવુ.

હુકમ આજરોજ તારીખ :૦૫ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૦૫/૩/૨૦૨૬.

(જીજ્ઞેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્દનગર(જજ કોડ નં. GJ-00989)